સાદર રજુ,

ગુજરાત સરકારશ્રીના જાહેરનામાં નં. KV/480F2020/GMC/902020/928/P, તા.૧૮/૦૬/૨૦૨૦ થી ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારનું હદ વિસ્તરણ કરી ૧૮ ગામો અને એક નગરપાલિકા વિસ્તારનો સમાવેશ ગાંધીનગર મહાનગરપાલિકામાં કરવામાં આવેલ છે.

ગુડા દ્વારા નિર્મિત સ્વર્ણિમ સાંસ્કૃતિક કેન્દ્રના ઉપરના ભાગે આવેલ ટાઉન હોલના નવીનીકરણ તથા સ્વર્ણિમ સાંસ્કૃતિક કેન્દ્રના બહારના ભાગે કલર કામ કરી બ્યુટીફીકેશન કરવાની કામગીરી માટે કન્સલ્ટન્ટ તથા PMC ની કામગીરી જયેશ દલાલને સોંપવામાં આવેલ છે. જેમાં ઇજાદારશ્રી દિપક શંખલા કે દ્વારા અદાજીત કિમત એટલેકે રૂ.૯,૧૯,૪૩,૦૯૩/- ની સામે રૂ.૮,૦૨,૦૧,૯૬૦.૦૨ એટલેકે ૧૨.૭૭% નીચા ભાવો ભરેલ છે સદર કામગીરીને તા.૩૦/૧૧/૨૦૨૪ ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે જે કામગીરી હાલ પૂર્ણતાને આરે છે.

માન. મેયરશ્રી દ્વારા વખતો વખત સ્થળ મુલાકાત કરી સદર કામગીરીમાં નીચે મુજબની વધારાની કામગીરી કરવા સૂચના કરેલ છે. સદર કામગીરીમાં ઉપરના ભાગમાં ઓડિટોરિયમ આવેલ છે. પરતું હોલનો નીચો ભાગમાં આવેલ કમ્યુનીહોલ આવેલ છે જેનો ગામના તેમજ ટીપી વિસ્તારમાં લોકો દ્વારા બહોળા પ્રમાણમાં વપરાશ કરવામાં આવે છે. સદર વિઝિટમાં મદદનીશ ઇજનેરશ્રી, સિટી ઇજનેરશ્રી તથા Pmc હજાર હતા.

(૧) હોલ રિનોવેશન

(૨) શેડ વર્ક

(૩) ઇલેક્ટ્રિકલ વર્ક

(૪) ફાયર સિસ્ટમ

(૫) ઇન્ટિરિયર અને ફર્નિચર વર્ક

ઉક્ત બાબતે સદર કામગીરીના કન્સલ્ટન્ટશ્રી જયેશ દલાલ દ્વારા નકશા-અંદાજો બનાવવામાં આવેલ છે આ સાથે સામેલ છે. જે મુજબ સદર વધારાની કરવાની થતી રૂ.૫,૧૫,૦૧,૨૦૦/- ની રકમ થાય છે.

સદર બાબતે ઉચ્ચ કક્ષાએથી અધિકારીશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણા અંતે લેવાયેલ નિર્ણય મુજબ તેમજ માન. મેયરશ્રી દ્વારા તા.૨૧/૦૨/૨૦૨૬ ના પત્રથી સદર વધારાની કામગીરી માટે ફેઝ-૨ અગાળ ટેન્ડર કરવાનું થાય છે.

જે અનુસાર ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવેશ થયેલ રાયસણ ખાતે આવેલ સ્વર્ણિમ સાંસ્કૃતિક કેન્દ્રમાં ટાઉનહોલના નવીનીકરણની કામગીરી માટેના નકશા અંદાજો તૈયાર કરતા રૂ.૫,૧૫,૦૧,૨૦૦/- નો ખર્ચ થાય તેમ છે.

ઉપરોકત વિગતે સદર કામગીરીનો ખર્ચ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત "રાયસણ ખાતે આવેલ સ્વર્ણિમ સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે ફર્નિચર,HVAC, તથા સાઉન્ડ સિસ્ટમની કામગીરી" માટેની વર્ષ ૨૦૨૩-૨૪ ની ૦૭.૦૦(સાત) કરોડની કરેલ દરખાસ્ત અને ગાંધીનગર મહાનગપાલિકાના વર્ષ ૨૦૨૪-૨૫ ના બજેટમાં કરેલ ૧(એક) કરોડની કરેલ દરખાસ્તની સૈદ્ધાંતિક મંજૂરી મળેલ છે તેમાંથી કરવાની દરખાસ્ત છે, તથા બાકી રહેતી રકમની સરકારશ્રીમાં દરખાસ્ત કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવેશ થયેલ રાયસણ ખાતે આવેલ સ્વર્ણિમ સાંસ્કૃતિક કેન્દ્રમાં ટાઉનહોલના નવીનીકરણની કામગીરી માટેના રૂ.૫,૧૫,૦૧,૨૦૦/- નકશા અંદાજોને વહીવટી તથા તાંત્રિક મંજૂરી આપવા તેમજ રૂ.૪,૮૫,૮૫,૯૬૦/- પૂરાના ડી.ટી.પી ને મંજુર કરવા અર્થે સાદર રજુ.

સિવિલ ઇજનેર,

વિધુત ઇજનેર

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી,(સિવિલ-૦૪)

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી,(ઈલેક્ટ્રીકલ)

અધિક સીટી ઈજનેરશ્રી,

સિટી ઈજનેરશ્રી,

ટેક્ષ કલેકટરશ્રી,

લીગલ ઓફિસરશ્રી,

હિસાબી અધિકારીશ્રી,

ચીફ ઓડીટરશ્રી,

માન. નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી.

માન. મ્યુનિસિપલ કમિશનરશ્રી.